# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-09-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું કે સુરતના સૈયદપુરામાં પથ્થરમારો કરનારાં અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરાશે.
- રાજ્ય સરકાર IVF થી ગર્ભધારણ કરતા પશુઓ માટે પશુપાલકોને 5 હજાર રૂપિયાની સહાય ચૂકવશે.
- **રાજ્યમાં ઑગસ્ટ મહિનામાં વિવિધ હાઈડ્રો પાવર સ્ટેશન દ્વારા 1 હજાર 67 મિલિયન એકમ વીજ ઉત્પાદન થયું.**
- કેન્દ્રીય મંત્રી પ્રહલાદ જોષીએ ગાંધીનગરમાં 16 થી 18 સપ્ટેમ્બર દરમિયાન યોજાનારી રિ-ઇન્વેસ્ટ પરિષદની તૈયારીઓની સમીક્ષા કરી.
- રાજ્યસરકારે રાજકોટના ગોંડલમાં 2 નવા ચારમાર્ગીય પુલના નિર્માણ માટે 56 કરોડ 84 લાખ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી.
- કચ્છમાં શંકાસ્પદ તાવના કેસને ધ્યાનમાં રાખી આરોગ્ય વિભાગની 27 ટુકડી દ્વારા અબડાસા અને લખપત તાલુકામાં તપાસ હાથ ધરાઇ.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# HARSH SANGHAVI ON SURAT INCIDENT

સુરતના સૈયદપુરામાં પથ્થરમારો કરનારાં અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેમ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે પોલીસે ગત રાત્રે જ આ મામલે તાત્કાલિક કોમ્બિંગ કરી ડ્રોન, સીસીટીવી અને વિડિયોના માધ્યમથી આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

## (બાઈટ – હર્ષ સંઘવી – ગૃહ રાજ્યમંત્રી)

પોલીસે આ મામલે 28 જેટલા લોકોની અટકાયત કરી છે તેમજ આ મામલે 3 ગુના દાખલ કર્યા છે. એક ગુનો નાના બાળકો સામે પણ નોંધાયો છે. સુરત પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું કે આ મામલાની તપાસ માટે ક્રાઈમબ્રાન્ચ, વિશેષ સંચાલન સમૂહ – SOG અને PCBની 6 ટુકડી બનાવવામાં આવી છે. પોલીસ કન્ટ્રોલ રૂમને આ મામલે 13 ફરિયાદ મળી હતી. સાથે જ લોકોને કોઈ પણ અફવાઓમાં ન આવવા પોલીસ કમિશનરે અપીલ કરી છે.

સુરત પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોતે વધુમાં જણાવ્યું કે....

## (બાઈટ – અનુપમસિંહ ગેહલોત, સુરત પોલીસ કમિશનર)

-------------

## IVF - Pashu Sahay

રાજ્ય સરકાર IVF એટલે કે, ઇન વિટ્રો ફર્ટિલાઈઝેશનથી ગર્ભધારણ કરતા પશુઓ માટે પશુપાલકોને 5 હજાર રૂપિયાની સહાય ચૂકવશે.

રાજ્યના પશુપાલન મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે પશુપાલકો બહોળા પ્રમાણમાં IVF તકનીકનો ઉપયોગ કરી શકે તે માટે પ્રાયોગિક તબક્કે બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા અને આણંદ જિલ્લાના પશુપાલકોને આ સહાય અપાશે. આગામી સમયમાં અન્ય જિલ્લાઓમાં પણ માગ અને જરૂરિયાત પ્રમાણે યોજનાનું વિસ્તરણ કરાશે.

રાજ્ય સરકારના નિર્ણયથી પશુપાલકને થતા 24 હજાર 780 રૂપિયાના ખર્ચ સામે ભારત સરકાર, રાજ્ય સરકાર, જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ તેમ જ ગુજરાત સહકારી દૂધ વિતરણ સંઘ લિમિટેડ તરફથી 19 હજાર 780 રૂપિયાની સહાય મળશે. એટલે પશુપાલકને પશુદીઠ માત્ર 5 હજાર રૂપિયાનો જ ખર્ચ થશે.

----------------

## GUJARAT ENERGY PRODUCTION

રાજ્યમાં ઑગસ્ટ મહિનામાં વિવિધ હાઈડ્રો પાવર સ્ટેશન દ્વારા એક હજાર 67 મિલિયન એકમ જેટલું વીજ ઉત્પાદન થયું છે. રાજ્યમાં વરસાદના પાણીની સારી આવક થતાં વીજ ઉત્પાદન વધ્યું છે.

સત્તાવાર યાદીના જણાવ્યા મુજબ સરદાર સરોવર બંધમાં ઑગસ્ટ મહિનામાં વીજ ઉત્પાદન 800 મિલિયન એકમને પાર પહોંચી ગયું છે. જ્યારે ઉકાઈ, ઉકાઈ

મિની, કડાણા અને સરદાર સરોવર હાઈડ્રો પ્લાન્ટમાંથી કુલ એક હજાર 67 મિલિયન એકમનું વીજ ઉત્પાદન થયું છે.

ઉકાઈ, કડાણા, પાનમ અને સરદાર સરોવર બંધમાંથી છેલ્લા 5 વર્ષમાં સરેરાશ 4 હજાર 600 મિલિયન એકમ જેટલું ઉત્પાદન થયું હોવાના અહેવાલ છે.

. . . . . . . . . . . . . . . . .

## RE-INVEST EXPO – PRAHLAD JOSHI

કેન્દ્રીય નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રી પ્રહલાદ જોષીએ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે રિ-ઇન્વેસ્ટ 2024ની તૈયારીઓની સમીક્ષા કરી હતી. ગાંધીનગરમાં આગામી 16થી 18 સપ્ટેમ્બર દરમિયાન ચોથા ગ્લોબલ રિ-ઇન્વેસ્ટ રિન્યૂએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પોનું આયોજન કરાયું છે, જેનો પ્રારંભ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કરાવશે.

કેન્દ્રીય મંત્રીએ કાર્યક્રમ સ્થળ તેમ જ પ્રદર્શન હૉલ સહિતની જગ્યાએ તમામ વ્યવસ્થાઓની તૈયારીઓની સમીક્ષા કરી હતી. શ્રી જોશીએ નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલય તેમ જ રાજ્ય સરકારના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજીને કાર્યક્રમલક્ષી વિવિધ બાબતોની માહિતી મેળવી હતી. નાગરિકોની ભાગીદારી વધારવા તેમજ કાર્યક્રમને વધુ ભવ્ય બનાવવા મંત્રીશ્રીએ જરૂરી સૂચનો પણ કર્યા હતા.

-----------

## CM - Gondal BRIDGE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજકોટના ગોંડલમાં 2 નવા ચારમાર્ગીય પુલોના નિર્માણ માટે 56 કરોડ 84 લાખ રૂપિયા ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સ્વર્ણિમ્ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં ફ્લાયઓવર બ્રિજ હેઠળ ગોંડલમાં પાંજરાપોળ પાસે 28 કરોડ અને ગવર્નમેન્ટ હૉસ્પિટલ ચૉક પાસે 28 કરોડ 82 લાખ રૂપિયાના ખર્ચે આ બે પૂલ નિર્માણ પામશે.

નવા પુલ નિર્માણ થવાથી ભાવનગર-આટકોટથી જુનાગઢ જતા વાહનોને અને ઘોઘાવદર મોવિયાથી જુનાગઢ અને કોટડાથી જેતપુર-જુનાગઢ જતા વાહનોને સુવિધા મળશે.

આ ઉપરાંત મુખ્યમંત્રીએ ગોંડલી નદી પરના 100 વર્ષથી વધુ સમયના 2 બ્રિજના પુનઃનિર્માણ માટે પણ 22 કરોડ 38 લાખ રૂપિયા ફાળવવાની મંજૂરી આપી છે. જોકે, આ બંને બ્રિજ હળવા વાહનો માટે ચાલુ રહેશે.

-----------

## RUSHIKESH PATEL ON KUTCH

કચ્છ જિલ્લામાં શંકાસ્પદ તાવના કેસને ધ્યાનમાં રાખી આરોગ્ય વિભાગની 27 ટુકડી અબડાસા અને લખપત તાલુકામાં તપાસ કરી રહી છે. તે અંતર્ગત 318 ઘરના 2 હજાર 234 લોકોની ચકાસણી કરવામાં આવી છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે કચ્છમાં શંકાસ્પદ તાવના કેસમાં 13 લોકોના મોત નીપજ્યા હતા. ચોથી સપ્ટેમ્બરે પ્રથમ કેસ નોંધાયા બાદ જિલ્લામાં આરોગ્ય વિભાગે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી.

(બાઈટ – ઋષિકેશ પટેલ, આરોગ્યમંત્રી)

-----------------

## 11TH WESTERN POLICE MEETING

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયની અધ્યક્ષતામાં ગાંધીનગરના પોલીસ ભવન ખાતે અગિયારમી પશ્ચિમ ક્ષેત્રનો પોલીસ સંકલન બેઠક યોજાઈ ગઈ.

દરમિયાન સાયબર ગુનાઓ રોકવા, આંતરરાજ્ય સંકલન, સરહદ વ્યવસ્થાપન ગુના સાબિતીનો દર વધારવા માટેના પગલાઓ, ત્રણ નવા ફોજદારી કાયદાઓના અસરકારક અમલીકરણ, ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ સહિતના વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે જણાવ્યું કે, ગુનાઓને અંકુશમાં રાખવા તથા ગુનાખોરીના નિવારણ અને તપાસની કામગીરીમાં રાજ્યો વચ્ચે આંતરિક સંકલન ખૂબ જરૂરી છે.

આ બેઠકમાં મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગોવા, દાદરા નગર હવેલી, દીવ-દમણ અને મધ્યપ્રદેશના રાજ્ય પોલીસ વડા રેન્કના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ જોડાયા હતા.

................

## Lokbharti Sanosara – Vyakhyan

લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરામાં આગામી 11 મી સપ્ટેમ્બર -બુધવારે શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળા યોજાશે જેમાં વક્તા રામ મોરી દ્વારા વ્યાખ્યાન અપાશે.

ભાવનગરથી અમારાં પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે ,સુપ્રસિદ્ધ શિક્ષણ સંસ્થા લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરામાં યોજાનાર શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ વ્યાખ્યાનમાળામાં  રામ મોરી અઢારમાં મણકાનું વ્યાખ્યાન 'લોકજીવનમાંથી મળતાં કથા અને કિરદારો' વિષય ઉપર અપાશે.

-----

## RAIN OVERALL + PTC

રાજ્યમાં આજે સવારે 6 વાગ્યાથી સાંજના 6 વાગ્યા સુધીમાં 46 તાલુકામાં હળવોથી મધ્યમ વરસાદ વરસ્યો છે. સત્તાવાર આંકડા મુજબ, સૌથી વધારેત દોઢ ઇંચ વરસાદ વલસાડના વાપી અને છોટાઉદેપુરના નસવાડી તાલુકામાં નોંધાયો છે. જ્યારે વાલોદ, ડોલવણ અને ઠાસરા તાલુકામાં એક ઇંચ વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

તાપીના  નિઝર કુકરમુંડા તાલુકામાં બે દિવસ વિરામ બાદ ફરી ગાજવીજ સાથે વરસાદ વરસ્યો છે.

છોટાઉદેપુર જિલ્લામાં ચાર દિવસના વરસાદના વિરામ બાદ ભારે ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો. વરસાદની શરૂઆત થતાં મકાઈ,  અડદ, તુવર, કાળી ડાંગર, શાકભાજીના પાકોને નુકશાનની  ભીતિ સેવાઈ રહી છે.

-----

## GIRNAAR AROHAN – AVROHAN SPARDHA

રાજ્યમાં 14થી 35 વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક – યુવતીઓ માટે આગામી જાન્યુઆરી મહિનામાં ગિરનાર- જૂનાગઢ ખાતે 'રાજ્યકક્ષા ગિરનાર આરોહણ–અવરોહણ સ્પર્ધા' યોજાશે. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે અરજી કરવાની છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બર રહેશે.

રસ ધરાવતા ઉમેદવારોએ પોતાના જિલ્લાની જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી ખાતેથી અરજીપત્ર મેળવી વિગતો ભરીને આધાર-પુરાવા સાથે જૂનાગઢના જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીને મોકલવાની રહેશે.

----------------------

## NEWS IN BRIEF

**હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....**

- શિક્ષણ રાજ્યમંત્રી પ્રફૂલ પાનશેરિયાએ ગાંધીનગર I.I.T.E. દ્વારા આયોજિત સૈનિક શાળાના શિક્ષકોના તાલીમ વર્ગને ખૂલ્લો મુક્યો.
- પાટણ જિલ્લાના સિદ્ધપુર ખાતે પાટણ, મહેસાણા અને બનાસકાંઠા જિલ્લાના તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો.
- મહેસાણા રાજ્યસભાના સાંસદ મયંક નાયકના કાર્યાલય ખાતે વિસર્જન કાર્યક્રમ યોજાયો.

- તરણેતરના લોકમેળાના અંતિમ દિવસે સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ પરિવાર તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે શ્રી ત્રિનેત્રેશ્વર મહાદેવને ધજા અર્પણ કરવામાં આવી.

-------------